dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન

B++ NAAC Accredited University
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

June 2010 For private circulation only Vol. 02 - Issue 36

"આજે કદાચ વહીવટીતંત્ર વાઈબ્રન્ટ બની જાય, વૈજ્ઞાનિક કૃષિ સંશોધનો - જરૂરી સામગ્રી અને ધરતીની સર્જનશીલતાને પોષતાં પાણી ખેડૂતોને હાથવગાં થતાં ધરતી કદાચ સુજલામ્-સુફલામ્ બની જાય...! તો પણ વર્તમાન સાથે તાલ મિલાવીને આગળ વધવાનું તેની પાસે કૌશલ્ય ના હોય તો આવતીકાલના ભાવિનું શું ? 'માણસ વાવો' ની કહેવતને અનુસરતા રહેવા સિવાય ભવિષ્ય સુરક્ષિત ના જ બની શકે. 'માણસના વાવેતર' માટેનો સામૂહિક યજ્ઞ એટલે જ આપણી શિક્ષણ વ્યવસ્થા."

નરેન્દ્ર મોદી, પ્રગતિનું પંચામૃત-ગુજરાતનો સુવર્ણકાળ ભાગ-૨

## દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

ગરવી ગુજરાતના સ્વર્ણિમ જયંતી વર્ષમાં ૬ થી ૧૪ વર્ષની વયજૂથનાં તમામ બાળકો શાળામાં પ્રવેશ મેળવે તે માટે છેલ્લા સાત વર્ષથી સતત ચાલતી કન્યા કેળવણી રથયાત્રા અને શાળા પ્રવેશોત્સવ-૨૦૧૦ના કાર્યક્રમમાં સુરત જિલ્લાના અતિ પછાત ઉમરપાડા તાલુકાની પીનપુર, ઉચવાણ, ગોવટ, જુના ઉમરપાડા અને વેજાલી શાળાઓમાં મુલાકાત લેવાનું થયું. સમગ્ર સુરત જિલ્લામાં ૧૫ રાજયકક્ષાના અધિકારીશ્રીઓ / પદાધિકારીશ્રીઓ તથા ૫૧ જિલ્લા કક્ષાએથી આવનારા અધિકારીશ્રી પ્રવેશોત્સવ કાર્યક્રમમાં સામેલ થયા. સુરત જિલ્લાના નવ તાલુકાઓમાં ૭૫૯ ગામો પૈકી ૧૧૩ ગામોમાં સ્ત્રી સાક્ષરતા દર ૩૫ ટકાથી નિમ્ન છે. જિલ્લાનો ડ્રોપ આઉટ દર ૪.૪૨ ટકા છે જે રાજયના સરેરાશ ડ્રોપ આઉટ રેટ ૨.૨૦ ટકાથી લગભગ બમણો છે. કન્યા કેળવણી રથયાત્રાનો ગુજરાતને સાક્ષર બનાવવાનો મહાયજ્ઞ ૨૦૦૨-૦૩માં શરૂ કરાયો ત્યારે ડ્રોપ આઉટ દર સમગ્ર ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં ૧૯.૧૨ ટકા જેટલો ઊંચો હતો. સતત સાત વર્ષના પુરૂષાર્થને પરિણામે આ દર ઘટીને ૨૦૦૯-૧૦માં ૨.૨૦ ટકા જેટલો નીચો થયો છે. હજી આ દર શૂન્ય બને તે માટે વધારે અસરકારક અભિયાન હાથ ધરવું જરૂરી છે.

કન્યા કેળવણી તથા શાળા પ્રવેશોત્સવના આ મહાયજ્ઞમાં મુખ્યમંત્રીથી માંડી સાંસદો, ધારાસભ્યો તથા કુલપતિઓને સાંકળવામાં આવે છે. કયાંક એવા કટાક્ષો થાય છે કે રાજયનું સમગ્ર વહીવટીતંત્ર શાળા પ્રવેશોત્સવમાં કાર્યરત હોવાથી અન્ય વહીવટી કામો તેટલા દિવસ પૂરતા ઠપ્પ થઈ જાય છે. સવાલ એ થાય છે કે જયારે દેશમાં મુખ્ય ચૂંટણીઓ-વિધાનસભા તથા લોકસભા-યોજાય છે ત્યારે સમગ્ર વહીવટીતંત્ર તેમાં સામેલ થાય છે અને તે પણ ઓછામાં ઓછા ત્રીસથી ચાલીસ દિવસ સુધી; ત્યારે કોઈ મુશ્કેલીઓ સર્જાતી નથી તો પછી આ તો સાક્ષરતા અભિયાન છે. આવું અભિયાન શા માટે જરૂરી છે તેનો વિગતવાર અભ્યાસ કરીએ તો જણાશે કે ઉદ્યોગ, ધંધા-રોજગારના ક્ષેત્રે હરણફાળ ભરી રહેલું ગુજરાત, પ્રાથમિક શિક્ષણક્ષેત્રે દેશમાં ખૂબ પાછળ છે, જયાં સુધી ગુજરાતનું સ્થાન ટોચમાં ન આવે ત્યાં સુધી આ પ્રકારના શિક્ષણયાત્રાના યજ્ઞો પ્રજવલીત રાખવા જ રહયા.

અત્યાર સુધી ગુજરાતમાં ધોરણ ૧ થી ૭ સુધીનું પ્રાથમિક શિક્ષણ હતું. જયારે ધોરણ ૮ થી ૧૦ માધ્યમિક શિક્ષણમાં આવરી લેવાયું હતું. ધી રાઈટ ટુ ચીલ્ડ્રન એજયુકેશન એન્ડ કમ્પલસરી એજયુકેશન એકટ-૨૦૦૯નો ૧લી એપ્રિલ ૨૦૧૦થી અમલ શરૂ થયેલ છે. આ કાયદાની જોગવાઈ મુજબ ૬ થી ૧૪ વર્ષની વયજૂથનાં તમામ બાળકોને ફરજીયાત શિક્ષણ માટેની જવાબદારી કેન્દ્ર તથા રાજય સરકારની સંયુકત બતાવવામાં આવી છે. આ કાયદા મુજબ પ્રાથમિક શિક્ષણને ધોરણ ૧ થી ૮ સુધીનું બનાવેલ છે. જેમાં ધોરણ ૧ થી ૫ ને નિમ્ન પ્રાથમિક શિક્ષણ અને ધોરણ ૬ થી ૮ ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ એવા બે વિભાગોમાં વિભાજીત કરાયું છે. બદલાયેલ પરિસ્થિતિમાં ધોરણ ૧ થી ૮ સુધીમાં ૧૦૦ ટકા શિક્ષણનો દર હાંસલ કરવા માટે માત્ર સરકારી પ્રયત્નો પૂરતા ન થઈ પડે. આ માટે જન ભાગીદારી થકી સમાજના તમામ પક્ષકારો, સંસ્થાઓની સક્રિય સામેલગીરી માટેનું અભિયાન એટલે શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમો. આવા ઉમદા હેતુને વરેલા કાર્યક્રમોમાં જેને પણ જોડાવાનું નિમિત્ત મળે તેમને માટે આ હરખનો વિષય બને.

આવો, સમગ્ર દેશના અન્ય રાજયોની સરખામણીમાં ગુજરાતમાં પ્રવર્તતી પ્રાથમિક શિક્ષણની પરિસ્થિતિનું મૂલ્યાંકન કરીએ. નેશનલ યુનિવર્સિટી ઓફ એજયુકેશન પ્લાનીંગ એન્ડ એડમીનિસ્ટ્રેશન દ્વારા દર વર્ષે ભારતમાં પ્રાથમિક શિક્ષણનો અહેવાલ પ્રગટ કરવામાં આવે છે.

ભારત સરકારના માનવ સંસાધન વિભાગ તથા નિષ્ણાતોના જૂથ દ્વારા દર વર્ષે એજયુકેશન ડેવલપમેન્ટ ઈન્ડેક્ષ તૈયાર કરવામાં આવે છે. આ સૂચકઆંક માટે એકવીસ નિર્દેશનો ધ્યાનમાં લેવામાં આવે છે. શિક્ષણ વિકાસ સૂચક આંક પ્રાથમિક (ધોરણ ૧ થી ૫) ઉચ્ચ પ્રાથમિક (ધોરણ ૬ થી ૮) તથા સમગ્ર પ્રાથમિક શિક્ષણ એમ ત્રણ પ્રકારે તૈયાર કરવામાં આવે છે. સૂચક આંક માટે સુલભતા (Access) ના ત્રણ નિર્દેશનો જેમાં શિક્ષણથી વંચિત બાળકોનું પ્રમાણ, પ્રત્યેક ૧૦૦૦ બાળકોદીઠ શાળાઓનું પ્રમાણ, તથા નિમ્ન પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શાળાઓનું પ્રમાણ ધ્યાનમાં લેવાય છે. માળખાકીય સવલતોની પરિસ્થિતિમાં ચાર નિર્દેશનો-૪૦ સંખ્યાથી ઓછી સંખ્યાવાળા વર્ગખંડો ધરાવતી શાળાઓ, પીવાના પાણીની સવલત ધરાવતી શાળાઓ, શૌચાલય ધરાવતી શાળાઓ, કન્યાઓ માટે અલગ શૌચાલય ધરાવતી શાળાઓનું પ્રમાણ લેવામાં આવે છે. ત્રીજું પરીબળ, શિક્ષકોની પરિસ્થિતિને ધ્યાનમાં લેવાય છે. જેમાં પ્રતિ શિક્ષકદીઠ ૪૦થી ઓછા બાળકો હોય તેવી શાળાઓની સંખ્યા, શાળાદીઠ બેથી ઓછા શિક્ષકો હોય તેવી શાળાઓ, નિષ્ણાત શિક્ષકો ન હોય તેવી શાળાઓની સંખ્યા, ઉચ્ચ પ્રાથમિકમાં ત્રણથી ઓછા શિક્ષકો હોય તેવી શાળાઓ વિગેરે. ચોથું મુખ્ય પરીબળ, શાળાના પરિણામો અંગેના કુલ નવ માપદંડો છે. જેમાં રાજયનો ગ્રોસ એનરોલમેન્ટ દર, અનુસૂચિત જાતિ-જનજાતિના બાળકોનું વસ્તીના પ્રમાણમાં પ્રાથમિક શાળામાં સંખ્યા, ડ્રોપ-આઉટ રેટ, પુનઃ પ્રવેશ દર, ૬૦ ટકાથી વધુ ગુણ મેળવતા બાળકોનું પ્રમાણ વિગેરે.

વર્ષ ૨૦૦૮-૦૯ના આંકડા મુજબ ગુજરાતનું નિમ્ન પ્રાથમિક સ્તરે ૦.૬૯૮ના શિક્ષણ વિકાસ સૂચક આંક સાથે સાતમું સ્થાન છે. ઉચ્ચ પ્રાથમિક સ્તરે ૦.૭૦૬ના સૂચક આંક સાથે સોળમું સ્થાન છે. જયારે સમગ્ર પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે ૦.૭૦૨ સાથે તેરમું સ્થાન છે. પૂર્વ પ્રાથમિક ક્ષેત્રે પોંડીચેરી, હરીયાણા, પંજાબ, તામીલનાડું, દિલ્હી જેવાં રાજયો ગુજરાતની આગળ છે. ધોરણ ૫ થી ૮ના ક્ષેત્રમાં પોંડીચેરી, કેરાલા, હરીયાણા, પંજાબ, દિલ્હી જેવાં રાજયો આગળ છે. સમગ્ર પ્રાથમિક શાળા ક્ષેત્રમાં પોંડીચેરી, પંજાબ, તામીલનાડું, હરીયાણા, દિલ્હી જેવાં રાજયો આગળ છે. ગુજરાતે તેરમા સ્થાનથી ઉપર ઉઠવું હોય તો જન આંદોલન સિવાય માત્ર સરકારી કાર્યક્રમોથી તે શકય નથી.

આ સંદર્ભે ગુજરાત રાજયમાં પ્રવર્તતી પ્રાથમિક શાળાઓની અન્ય રાજયોની તુલનામાં કેટલાક આંકડાઓની મદદથી તુલના કરીએ જેથી પરિસ્થિતિ વધુ સ્પષ્ટ થશે. સમગ્ર દેશના સરેરાશ આંકડા મુજબ વર્ષ ૬ થી ૧૧ ની વય જૂથ ધરાવતા દર એક હજાર બાળકોદીઠ શાળાઓની સંખ્યા ૯ છે. જયારે ગુજરાતમાં આ આંકડો ૭ નો છે. મધ્યપ્રદેશ, રાજસ્થાનમાં શાળાઓનું પ્રમાણ ૧૩ છે. જયારે ઓરિસ્સામાં ૧૪ શાળાઓ છે. આમ, શાળાઓની સંખ્યાનું પ્રમાણ પણ વધારવાની જરૂર છે. દર દસ કિલોમીટરની ત્રિજયામાં ધોરણ ૧ થી ૫ ની ચાલતી શાળાઓનું પ્રમાણ સમગ્ર દેશમાં સરેરાશ ૩.૩૦નું છે. ગુજરાતમાં શાળાઓની સંખ્યા ૧.૯૭ની છે. આવી શાળાઓની સંખ્યા ઉત્તર પ્રદેશમાં (૫.૭૮), રાજસ્થાનમાં (૨.૮૯), મહારાષ્ટ્રમાં (૨.૪૭) તથા મધ્યપ્રદેશમાં (૩.૩૬) છે. વિસ્તારની દ્રષ્ટિએ પણ શાળાઓની સંખ્યા વધારવાની જરૂરિયાત છે. માત્ર એક જ શિક્ષકથી ચાલતી શાળાઓ દેશમાં ૯.૭૧ ટકા જેટલી છે. ગુજરાતમાં આ પ્રમાણ માત્ર ૨.૦૭ ટકા શાળાઓનું છે જે સારી નિશાની છે. તે જ રીતે પીવાના પાણીની સવલત ધરાવતી શાળાઓ ગુજરાતમાં ૯૦.૨૪ ટકા છે; તથા કન્યાઓ માટે અલગ શૌચાલય ધરાવતી શાળાઓ ૬૭.૭૩ ટકા જેટલી છે. આ બન્નેમાં ગુજરાતની પરિસ્થિતિ દેશની સરેરાશ કરતાં સારી છે સમગ્ર દેશની સરેરાશ (૩૫.૫૬ ટકા) કરતાં ગુજરાતમાં વીજળીનું જોડાણ ધરાવતી શાળાઓ (૮૭.૩૮ ટકા) જેટલું ઊંચું છે. પ્રતિ શાળા સરેરાશ શિક્ષકોની સંખ્યા સમગ્ર દેશમાં ૪.૫ની છે જેની સામે ગુજરાતમાં આ સંખ્યા ૬.૧ની છે. પ્રતિ શિક્ષકદીઠ વિદ્યાર્થીઓની સંખ્યા ગુજરાતમાં દેશના સરેરાશ ૩૨ બાળકોદીઠ એક શિક્ષક જેટલી છે. સમગ્ર ભારતમાં ખાનગી અને સરકારી તથા સરકારી સહાયથી ચાલતી શાળાઓનું પ્રમાણ અનુક્રમે ૧૯.૩૪ ટકા અને ૭૧.૬૬ ટકાનું છે. ગુજરાતમાં ખાનગી પ્રાથમિક શાળાઓનું પ્રમાણ ૧૮.૫૫ ટકા છે. આ પ્રમાણ કેરાલામાં માત્ર ૪.૫૦ ટકાનું છે એટલે કે કેરાળામાં ૯૬.૫૦ ટકા શાળાઓ સરકારી અથવા સરકારી અનુદાન મેળવતી શાળાઓ છે. પ્રાથમિક શાળાઓમાં કમ્પ્યૂટરની બાબતમાં ગુજરાત ઘણું આગળ છે. સમગ્ર ભારતમાં સરેરાશ ૧૪ ટકા શાળાઓમાં કમ્પ્યૂટરની સવલતો ઉપલબ્ધ કરવામાં આવી છે. ગુજરાતમાં કમ્પ્યૂટરની સવલતો ધરાવતી શાળાઓની સંખ્યા ૩૭.૬૯ ટકા જેટલી ઊંચી છે. રાજસ્થાનમાં આવી શાળાઓ માત્ર ૨.૭૩ ટકા છે જયારે મધ્યપ્રદેશમાં માત્ર ૧૦.૩૮ ટકા શાળાઓ છે. આની સામે દિલ્હીમાં ૮૫ ટકા શાળાઓ, કેરાળામાં ૮૦ ટકા શાળાઓ તથા ચંડીગઢમાં ૮૬ ટકા શાળાઓમાં કમ્પ્યૂટરની સવલતો ઉપલબ્ધ છે. શિક્ષકોની તાલીમના સંદર્ભમાં જોઈએ તો દેશની સરેરાશ ૩૫ ટકા શિક્ષકોને નોકરી દરમ્યાન તાલીમ આપવામાં આવી છે તેની સરખામણીમાં ગુજરાતમાં તાલીમનું પ્રમાણ ૬૭.૨૪ ટકા જેટલા શિક્ષકોનું ઉંચું છે. કેરાળામાં આ દર ૭૦.૬૩ ટકા જેટલો છે.

ઉપરોકત આંકડાઓનો અભ્યાસ કરવાથી સ્પષ્ટ બને છે કે ગુજરાતે કન્યા કેળવણી તથા શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમો હજી ચાલુ રાખવા પડશે તથા શાળા ગુણોત્સવના કાર્યક્રમો થકી આપણી નબળાઈઓને જાણી યોગ્ય પગલાં ભરવા પડશે. માત્ર આર્થિક જોગવાઈથી જો શિક્ષણ સુધરી જવાનું હોય તો ગત વર્ષોમાં રાજયના શિક્ષણના સ્તરમાં સુધારો થઈ ગયો હોત, પરંતુ એવું બન્યું નથી. કારણ કે શિક્ષણની સુધારણા માટે શિક્ષણ સાથે સંકળાયેલા સૌ કોઈની માનસિકતામાં પરિવર્તન લાવવું એ તેની મૂળ શરત છે. આશા રાખીએ કે શાળા પ્રવેશોત્સવ જેવા જનભાગીદારીના કાર્યક્રમો થકી માનસિકતા બદલાય. આ માટે કન્યા કેળવણીને પ્રાધાન્ય આપવાથી ઘણી સમસ્યાઓ હળવી બની જશે.

૩૦ જુન, ૨૦૧૦

બી.એ. પ્રજાપતિ
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## Academic Calendar

| અ.નં. | વિગત | તારીખ | |
|---|---|---|---|
| (૧) | શૈક્ષણિક કાર્યની શરૂઆત<br>(૧) સ્નાતક કક્ષા<br>(૨) અનુસ્નાતક કક્ષા / વિભાગો | સોમવાર, ૧૪–૦૬–૨૦૧૦ | |
| (૨) | એનરોલમેન્ટ ફોર્મ યુનિવર્સિટીને મોકલવાની છેલ્લી તારીખ<br>(દરેક ફેકલ્ટી માટે) | મંગળવાર, ૩૧–૦૮– ૨૦૧૦ | |
| (૩) | અનુસ્નાતક રજીસ્ટ્રેશન ફોર્મ યુનિવર્સિટીને મોકલવાની છેલ્લી તારીખ<br>(દરેક ફેકલ્ટી માટે) | મંગળવાર, ૩૧–૦૮– ૨૦૧૦ | |
| (૪) | **PG Semester - I** પરીક્ષા ના ફોર્મ જમા કરાવવાની છેલ્લી તારીખ | સોમવાર, તા. ૧૩–૦૯–૨૦૧૦ | |
| (૫) | પ્રથમ સત્ર આંતરિક કસોટી **/ P.G. Semester-I** | શુક્રવાર, ૦૧–૧૦– ૨૦૧૦ | |
| (૬) | ઓક્ટોબર – ડિસેમ્બર યુનિવર્સિટી પરીક્ષાના ફોર્મ જમા કરાવવાની છેલ્લી<br>તારીખ **(Only Third Year)** | સોમવાર, ૩૦–૦૮– ૨૦૧૦ | |
| (૭) | ઓક્ટોબર – ડિસેમ્બર યુનિવર્સિટી પરીક્ષાઓ<br>**(Only Third Year & P. G. Semester-I)** | ગુરૂવાર, ૨૧–૧૦– ૨૦૧૦ | |
| (૮) | દિવાળી વેકેશન (સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમો માટે) | બુધવાર, ૦૩–૧૧–૨૦૧૦ થી મંગળવાર, ૨૩–૧૧–૨૦૧૦ | |
| (૯) | દ્વિતીય સત્રની શરૂઆત | કોલેજ<br>ડિપાર્ટમેન્ટ | બુધવાર, ૨૪–૧૧– ૨૦૧૦<br>બુધવાર, ૨૪–૧૧– ૨૦૧૦ |
| (૧૦) | દ્વિતીય આંતરિક કસોટી | સોમવાર, ૧૭–૦૧–૨૦૧૧ | |
| (૧૧) | માર્ચ–જૂન યુનિવર્સિટી પરીક્ષાના ફોર્મ જમા કરાવવાની<br>છેલ્લી તારીખ | સોમવાર, ૨૦–૧૨– ૨૦૧૦ | |
| (૧૨) | માર્ચ – જૂન યુનિવર્સિટી પરીક્ષાઓ | બી.એડ્.<br>અન્ય | સોમવાર, ૦૭–૦૩–૨૦૧૧ થી<br>ગુરૂવાર, ૧૦–૦૩–૨૦૧૧ થી |
| (૧૩) | દ્વિતીય સત્રનો અંત | કોલેજ<br>ડિપાર્ટમેન્ટ | મંગળવાર, ૨૬–૦૪–૨૦૧૧ થી<br>મંગળવાર, ૧૦–૦૫–૨૦૧૧ |
| (૧૪) | ઉનાળુ વેકેશન | કોલેજ | બુધવાર, ૨૭–૦૪–૨૦૧૧ થી<br>મંગળવાર, ૧૪–૦૬–૨૦૧૧ |
| | | ડિપાર્ટમેન્ટ | બુધવાર, ૧૧–૦૫–૨૦૧૧ થી<br>મંગળવાર, ૧૪–૦૬–૨૦૧૧ |
| (૧૫) | શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૧૧ના શૈક્ષણિક કાર્યની શરૂઆતનો પ્રથમ દિવસ | બુધવાર, ૧૫–૦૬–૨૦૧૧ | |
| (૧૬) | યુવક મહોત્સવ | (ત્રણ દિવસ) ૧૦,૧૧,૧૨ ડિસેમ્બર, ૨૦૧૦ | |
| (૧૭) | એન.એસ.એસ. કેમ્પ | દિવાળી વેકેશનમાં પૂરા કરવા<br>(૦૩–૧૧– ૨૦૧૦ થી ૨૩–૧૧– ૨૦૧૦) | |

## કન્યાકેળવણી





કુલપતિશ્રીની કન્યાકેળવણી તથા શાળા પ્રવેશોત્સવ - ૨૦૧૦માં સુરત જીલ્લાના ઉમરપાડા તાલુકાની શાળાઓમાં પ્રવેશની મુલાકાત

## Award



Dr. Suguna Pathy. Professor and Head, Department of Sociology, has been nominated for a prestigious "Rashtriya Gaurav Award" by India International Friendship Society, (IIFS), New Delhi for the year 2010. The Society in the recent past has conferred this honour to serveral leading personalities like Mother Teresa, Vice President B.D.Jatti, Justice Fatima Beervi, General G.V.Krishna Rao and also Chief Justice P.N.Bhagwati, Chief Election Commissioner C.V.G.Krishnamurti, Shri Veerappa Moily, former Director of CBI, Joginder Singh etc. in various specialized fields like, Science and Technology, Education, Social Work etc. This indeed is an honour for the University. Congratulation.

## વિદાય સમારંભ



કુલસચિવશ્રી જે.આર. મહેતાના અધ્યક્ષ પદે તા. ૧૪-૦૬-૨૦૧૦ના રોજ વય મર્યાદાને કારણે યુનિવર્સિટીના શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ પૈકી નીચે જણાવેલ નિવૃત્ત થતા કર્મચારીઓનો વિદાય સમારંભ તા. ૧૪-૦૬-૨૦૧૦ના રોજ સાંજે ૫.૦૦ કલાકે કમ્પ્યૂટર સાયન્સ અનુસ્નાતક વિભાગના કોન્ફરન્સ હોલમાં યોજાઇ ગયો. અધ્યક્ષસ્થાનેથી ઉદ્‌બોધન કરતાં કુલસચિવશ્રી જે.આર. મહેતાએ નિવૃત્તિ લેતા યુનિવર્સિટી પરિવારના સભ્યોને સ્વસ્થ દીર્ઘાયું માટે શુભેચ્છાઓ પાઠવી હતી. જેમાં યુનિવર્સિટી પરિવારમાંથી નિવૃત્ત થતા કર્મચારી ભાઈ-બહેનોની સંનિષ્ઠ સેવાઓને બિરદાવવામાં આવી તથા શુભેચ્છાઓ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં યુનિવર્સિટી પરિવાર ઉપસ્થિત રહયું હતું.

૧. ડૉ. શશીકાંત જી. શાહ (પ્રોફેસર એન્ડ હેડ, શિક્ષણ વિભાગ), ૨. ડૉ. મીનૂ એચ. પરબીયા (પ્રોફેસર એન્ડ હેડ, બાયોસાયન્સ), ૩. ડૉ. પ્રવિણચંદ્ર એચ. ભાઠાવાળા (પ્રોફેસર એન્ડ હેડ, ગણિતશાસ્ત્ર વિભાગ), ૪. શ્રી ગિરીશકુમાર એન. આઈસ્ક્રીમવાલા (મદદનીશ હિસાબનીશ, હિસાબી વિભાગ), ૫. શ્રી અતુલરાય આઈ. દેસાઈ (કાર્યાલય અધિક્ષક, સેનેટ/સિન્ડિકેટ), ૬. શ્રીમતી યાસ્મીન એ. દસાડીયા (હેડ કલાર્ક, યુ.જી.સી.), ૭. શ્રી રમેશભાઈ આર. દેસાઈ (હેડ કલાર્ક, પરીક્ષા), ૮. શ્રી ગોરખભાઈ આર. પાટીલ (ચોકીદાર (પટાવાળા), બાયોસાયન્સ), ૯. શ્રી મોહનભાઈ એમ. સોલંકી (પટાવાળા, અનુસ્નાતક વહીવટી સંકુલ)



## Ph.D.

A list of doctoral theses accepted by Veer Narmad South Gujarat University, Surat.

**Chemistry**

1. Gamit, Balubhai Nurjibhai. Synthesis and Characterization of Polycyanurates. Polyester-Amides and Polyurethane-Ureas, (Dr. K. R. Desai), Professor (Retd.) Department of Chemistry, Veer Narmad South Gujarat University, Surat.
2. Patel, Jayminkumar Chandubhai. Microbial Evaluation of Novel 1,3,4-Oxadiazolyl-Quinazolin-4(3h)-Ones. (Dr. N. B. Patel), Professor, Department of Chemistry, Veer Narmad South Gujarat University, Surat.

**Computer Science**

3. Lad, Kalpeshbhai Bhikhubhai. A Model for integrated multingual Programming Environment - An approach using Gujarati Programming Language. (Dr. Bankim Patel), Director, Shrimad Rajchandra Institute of Management and Computer Application, Gopal Vidyanagar, Bardoli.

**Hindi**

4. Modak, Manisha Jayendrakumar. **आप्रवासी महिला कथाकार उषा प्रियंवदा और सुषमा बेदी के उपन्यास–एक अध्ययन.** (Dr. Savita Gaur), Reader (Rtd.) Department of Comparative Literature, Veer Narmad South Gujarat University, Surat.

**Management**

5. Kothari, Purvi Ashit, Social Marketing Effectiveness" A study of "Traffic Week. (Dr. Manisha Panwala), Associate Professor, Department of Business and Industrial Management, Veer Narmad South Gujarat University, Surat.

## Result 2010

| No.. | Examination | Percentage |
|---|---|---|
| 75 | M.Sc.II (Organic Chemistry) | 99.64 |
| 76 | B.Sc.(I.T.) Sem.II | 67.18 |
| 77 | F.Y. BHMS (Suppl) | 84.42 |
| 78 | F.Y.B.P.E. | 96.30 |
| 79 | S.Y.B.P.E. | 84.38 |
| 80 | M.Sc.II (Pharm.Chem.) | 100 |
| 81 | F.Y.B.Com.(Regular) | 51.26 |
| 82 | M.Sc.I. (Pharm.Chem) | 100 |
| 83 | M.Sc.I.(Org.Chem) | 91.87 |
| 84 | F.Y.B.Com.(Ext) | 30.39 |
| 85 | F.Y.B.Sc. | 94.12 |
| 86 | S.Y.B.Sc. | 95.24 |
| 87 | M.P.A.Sem.I (Part time) | 100 |
| 88 | M.P.A.Sem.II.(Regu) | 100 |
| 89 | M.P.A.Sem.II (Part time) | 100 |
| 90 | M.P.A.Sem.4 | 100 |
| 91 | M.P.A.Sem.6(Part time) | 100 |
| 92 | T.Y.B.Pharm | 98.85 |
| 93 | M.R.S.Sem.I | 40 |
| 94 | M.R.S.Sem.II | 78.05 |
| 95 | S.Y.B.Sc. | 90.02 |
| 96 | M.R.S.4th sem | 96.77 |
| 97 | F.Y.B Pharm | 58.33 |
| 98 | S.Y.B.Pharm | 88.89 |
| 99 | F.Y.B.Com (honors) | 79.59 |
| 100 | M.Sc.(I.T.) 7th sem. | 100 |
| 101 | M.Sc.(ICT) Sem.I | 54.55 |
| 102 | M.Sc.(ICT) Sem.III | 50 |
| 103 | B.B.A.Sem.I | 32.42 |
| 104 | F.Y.Biotech | 82.7 |
| 105 | M.Sc.I. (Env.Che) | 95 |
| 106 | B.B.A.Sem.II | 50.21 |
| 107 | M.H.R.D.Sem.4 (Full time) | 100 |
| 108 | F.Y.B.A. (Reg) | 85.75 |
| 109 | F.Y.B.A.(Ext) | 87.28 |
| 110 | U.G.D. in Int.Business | 66.67 |
| 111 | P.G.D.in Finan.Service | 88.89 |
| 112 | U.G.D. in F.M. | 100 |
| 113 | P.G.D.in Int.Busineee | 50 |
| 114 | S.Y.B.Com.(Reg) | 75.69 |
| 115 | S.Y.B.Com.(Ext) | 70.46 |
| 116 | M.S.W.2nd Sem. | 100 |
| 117 | M.S.W.4th Sem | 97.92 |
| 118 | M.H.R.D.2nd Sem. | 96.74 |
| 119 | M.H.R.D.2nd Sem.(Ev) | 100 |
| 120 | P.G.C.P.in Rural Mark | 100 |
| 121 | P.G.D.in Journalism | 100 |
| 122 | P.G.D.R.M.(Ext) (old)2nd Sem | 100 |
| 123 | B.I.D.Sem.II | 100 |
| 124 | B.I.D.Sem.4 | 25 |
| 125 | B.I.D.Sem.5 | 44.44 |
| 126 | M.B.A.Sem.2 (Reg) | 64.71 |
| 127 | M.B.A.Sem.2(Eve) | 20 |
| 128 | M.B.A.Sem.2(THM) | 33.33 |
| 129 | B.C.A.Sem.I | 37.79 |
| 130 | M.Com.II(Ext) | 61.13 |
| 131 | M.Com.II.(Reg) | 85.89 |
| 132 | B.E.Sem.8 (IT) | 100 |
| 133 | B.E.Sem.8 (IT) | 95 |

## ઈન્ટરવ્યુ

યુનિવર્સિટીના આંકડાશાસ્ત્ર વિભાગના ડો. આર.ડી. પટેલના પ્રયાસથી ૨૮-૩-૨૦૧૦ના રોજ વિભાગના વિદ્યાર્થીઓ માટે કેમ્પસ ઈન્ટરવ્યુ રાખવામાં આવેલ હતું. જેમાં TCS કંપની દ્વારા વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યુ લેવામાં આવ્યા હતા. જેમાંથી કુલ ૪ વિદ્યાર્થીઓની TCS કંપની દ્વારા પસંદગી કરી નિમણૂંક આપવામાં આવી છે.

## Seminar

Center for the Study of Social Exclusion and Inclusive policy, Department of Sociology, Veer Narmad South Gujarat University organized a Seminar on "Increasing Suicide Rate: Social Cause and Social Intervention" on June 22, 2010. The seminar started with the welcome address by Prof Suguna, Pathy Head of Sociology Department ,VNSGU, who said that as society moves it will face problems and we as academia should respond to the needs of the society by analyzing the causes and she said evolving solutions trough researches, is our social responsibility to address issues like Suicide. Prof Edwin Masish former professor of Sociology Gujarat University, Prof Ila Pathak, renowned women activist, former professor of English and founder trustee of AWAG and Prof Nalini Trivedi Sociology Professor H K Arts college Ahmedabad were key speakers of the occasion. They discussed their comparative research study on Suicides in Gujarat. The study was conducted in four districts of Gujarat Bhavnagar, Junagadh, Ahmedabad and Surat which have higher suicide rates. In his speech Prof Edwin Masish observes that among the four districts, Bhavnagar district has the highest suicide rate and Surat has the highest male suicide rate. Suicide rates are higher among men than in women, He adds that , men give up life when they feel inadequate, while women succumb to suicide because of social pressures .Prof Nalini Trivedi further says that younger generation and women are prone to committing suicide but we can prevent these suicides, if they get support from their family and society. Prof Ila Pathak says that it is ironical that the reasons for which women were committing suicides in 60s are same in 21st century. It is the same patriarchal society and trivial reasons which lead them to kill themselves. She gave the message to all young females not to commit suicide, because it is not the final solution of the problem. Therefore the social scientist can not be silent.

## Orientation Programmes, Refresher Course

**1.** Orientation Programme: 71st- 7-6-2010 to 3-7-2010. 72nd- 16-08-2010 to 11-09-2010. 73rd- 15-11-2010 to 11-12-2010. 74th- 17-01-2011 to 12-02-2011. **2.** Short Term Programme / Wokshops: (1) Workshop for Research Scholars of Science : 12-07-2010 to 17-07-2010. (2) Professional Development for B.Sc., M.Sc. and Diplomas 11-08-2010 to 14-08-2010 (4) Professional Development of Academic Administrators and Officers : 04-10-2011 to 08-01-2011. **3.** Refresher Courses (1) Physical Education: 08-07-2010 to 28-0-2010 (2) Bus. Fin. anf Economics : 12-07-2010 to 31-07-2010 (3) History : 26-07-2010 to 14-08-2010 (4) Law: 02-08-2010 to 21-08-2010 (5) Political Science : 06-09-2010 to 26-09-2010 (6) Hindi : 06-09-2010 to 25-09-2010 (7) Zoology : 20-09-2010 to 09-10-2010 (8) Chemistry : 03-10-2010 to 23-10-2010 (9) Botany : 11-10-2010 to 30-10-2010 (10) Physics : 12-11-2010 to 02-12-2010 (11) Education : 06-12-2010 to 25-1-2010 (12) Psychology : 27-12-201 to 15-01-2010 (13) Sanskrit : 19-01-2011 to 07-02-2011 (14) Sociology : 14-02-2011. Contact : UGC-Academic Staff College, Jai Narain Vyas University, Jodhpur Ph.: 0291-2722047

# કોલેજ ન્યૂઝ

## સ્વર્ણિમ ગુજરાત

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ દ્વારા તા. ૦૧-૦૫-૨૦૧૦ થી તા. ૩૦-૦૪-૨૦૧૧ દરમ્યાન પાંચ હજાર પુસ્તકો તરતાં મૂકીને પંચાવન હજાર પુસ્તક પ્રેમીઓ દ્વારા અનેકવિધ પુસ્તકોનું વાંચન થાય તે માટે અભિયાન ચલાવવામાં આવેલ છે. આ અભિયાનમાં પૂર્વ વિદ્યાર્થીઓ સામેલ થાય તે માટે પ્રિ. ડૉ. જે.એમ. નાયક દ્વારા અપીલ કરવામાં આવે છે કે પૂર્વ વિદ્યાર્થીઓએ એક મનગમતુ પુસ્તક ખરીદવાનું, વાંચવાનું અને એ પુસ્તક તમારા અન્ય દશ પુસ્તકપ્રેમીઓ પાસે પણ વંચાવવાનું છે અને એ અંગેની નોંધ પુસ્તકના છેલ્લા પાના પર સ્ટીકર લગાવીને એના પર કરવાની છે. આ સ્ટીકર્સ કોલેજ લાયબ્રેરીમાંથી ઉપલબ્ધ થશે.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડના વિદ્યાર્થીઓ વેકેશનનો સદપયોગ કરે તે માટે પ્રિ. ડૉ. જે.એમ. નાયકના પ્રમુખપદે એન.એસ.એસ., એન.સી.સી., યુથ રેડક્રોસ, સાંસ્કૃતિક સમિતિના કલાકારો અને સ્પોર્ટસના રમતવીરોની એક મીટીંગ બોલાવી હતી જેમા વિદ્યાર્થીઓને સંબોધતા ડૉ. નાયકે જણાવ્યું કે આપણે વેકેશનના કિંમતી સમયનો સદ્ઉપયોગ કરવાનો છે અને એ માટે 'વાંચે ગુજરાત' અભિયાન અંતર્ગત દરેક વિદ્યાર્થીએ પુસ્તક ખરીદીને વાંચીને વેકેશન દરમ્યાન તરતું મૂકવાનું છે. મમ્મી-પપ્પા અને મહોલ્લા કે સોસાયટીના સભ્યોની શેરી સભાનું આયોજન કરીને મહોલ્લામાં પણ લોકોને વાંચતા કરવા સંનિષ્ઠ પ્રયત્નો કરવાના છે. આ પ્રસંગે લાયબ્રેરી સમિતિના ચેરમેન, એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફીસરો, એન.સી.સી.ના ઓફીસર, સ્વર્ણિમ ગુજરાતના કોલેજ ઈન્ચાર્જશ્રી, યુથ રેડક્રોસના કાઉન્સેલર, લાયબ્રેરી સમિતિના સદસ્યા અને લાયબ્રેરિયન ઉપસ્થિત રહયા હતા. ઉપાચાર્ય પ્રા. વી.એમ. કેવતે સમાપન કરતાં આભાર માન્યો હતો.

શાહ એન.એચ. કોમર્સ, વલસાડના પટાવાળા અને વોચમેન પણ વાંચતા અને વિચારતા થાય એ માટે "વાંચે ગુજરાત" અભિયાનમાં જોડાવા માટે પ્રિ. ડૉ. જે.એમ. નાયકે સ્વર્ણિમ ગુજરાત ઊજવણીના ભાગરૂપે ટહેલ નાંખી-સેવકભાઈ-બહેનો તરફથી પણ સાનુકૂળ પ્રતિસાદ સાંપડયો અને એના પરિપાકરૂપે ગુજરાતના સ્થાપના દિન તા. ૧ લી મે-૨૦૧૦ના રોજ તમામ સેવકભાઈઓએ માઈક પર આવીને પોતાનાં મનગમતાં પુસ્તક તરતાં મૂકયાં હતાં.

## સ્પર્ધા

યુથ હોસ્ટેલ તથા નવસારી નગર પાલિકા આયોજીત સ્વીમીંગ કોમ્પીટીશન ઓપન દક્ષિણ ગુજરાત તા. ૨૩-૫-૨૦૧૦ના રોજ નવસારી ખાતે યોજાઈ હતી. નવયુગ સાયન્સ કોલેજ, સુરતનાં કર્મચારી શ્રી પ્રવિણભાઈ બી. પટેલ સ્વીમીંગના ૫૦ મીટર તથા ૧૦૦ મીટર ફ્રી સ્ટાઈલમાં ગોલ્ડ મેળવેલ છે, તથા સ્વીમીંગ ફેડરેશન ઓફ ઈંડિન્યા દ્વારા આયોજીત છઠ્ઠી નેશનલ માસ્ટર્સ એકવેટીક ચેમ્પીયનશીપ-૨૦૧૦, જે રાજકોટ ખાતે ૨૬-૨૭ ફેબ્રુઆરી-૨૦૧૦ના રોજ યોજવામાં આવી હતી. તેમાં ગુજરાત રાજય તરફથી રાષ્ટ્રીય સ્તરે પ્રતિનિધિત્વ કરી ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. તરણ સિવાય તેઓએ સુભાષચંદ્ર બોઝ જન્મ જયંતી નિમિત્તે સુરત જીલ્લાની ડ્રોઈગ કોમ્પીટીશન - ૨૦૧૦ અડાજણ, સુરત ખાતે તેમણે બીજો ક્રમ પ્રાપ્ત કરી શિલ્ડ તથા પ્રમાણપત્ર મેળવેલ. અભિનંદન.

## પ્રવેશોત્સવ

શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કોલેજ, પાંડેસરા-સુરતમાં તા. ૧૪-૦૬-૨૦૧૦ના રોજ પ્રવેશોત્સવના યુનિવર્સિટીના ડેપ્યુટી રજીસ્ટ્રાર શ્રી રમેશભાઈ ખડિયાના અતિથિ વિશેષ પદે યોજાયો હતો. જેમાં પ્રારંભમાં નવા પ્રશિક્ષણાર્થીઓને તિલક અને મીઠાઈ આપી ભારતીય સંસ્કૃતિ મુજબ સ્વાગત કરવામાં આવ્યું હતું. મહેમાનોનો પરિચય અને સ્વાગતવિધિ બાદ સંસ્થાના આચાર્યશ્રી ડૉ. ભાવેશભાઈ રાવલે પ્રશિક્ષણાર્થીઓને આવકારતા ગુણવત્તાયુકત શિક્ષક પ્રશિક્ષણ અને સમાજ સંદર્ભે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. ટ્રસ્ટ પ્રમુખશ્રી ગોપાળભાઈ પટેલે સારું પ્રશિક્ષણ મેળવી પોતાની કારકિર્દી ઘડવા અને સમાજમાં પ્રદાન કરવા જણાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. ગાયત્રીબેન પટેલે કર્યું હતું.

## પરિણામ

યુનિવર્સિટી દ્વારા એપ્રિલ-૨૦૧૦માં લેવાયેલ બી.એડ્.ની પરીક્ષામાં શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કોલેજ પાંડેસરાની વિદ્યાર્થિની કું. પટેલ ઉર્મિલા ડી. એ-૮૩.૮૫% સાથે સંસ્થામાં પ્રથમ ક્રમ, દૂધાત મહેશ એમ. ૮૩.૦૦% સાથે દ્વિતીય અને ગેમલાવાલા તન્વી એસ. ૮૨.૪૨% સાથે ત્રીજો ક્રમ પ્રાપ્ત કર્યો છે. નોંધનીય છે કે સંસ્થાનું પરિણામ ૧૦૦ ટકા આવ્યું છે. કુલ ૯૭ પ્રશિક્ષણાર્થીઓમાંથી ૫૨ પ્રશિક્ષણાર્થીઓએ ડિસ્ટીંકશન સાથે પરીક્ષા પાસ કરી છે. અભિનંદન

## કાર્યક્રમ

બી.જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલીમાં નવા શૈક્ષણિક વય-૨૦૧૦-૧૧નો સત્રારંભ કાર્યક્રમ તા. ૧૪-૦૬-૨૦૧૦ના રોજ યોજવામાં આવ્યો હતો. આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલે મહેમાનોને આવકાર અને પરિચય આપ્યો હતો. આ પ્રસંગે ભારત એજયુકેશન ટ્રસ્ટના પ્રમુખ શ્રી ભરતભાઈ પટેલ ઉપસ્થિત રહયા હતા. આમંત્રિત મહેમાનોનું પુસ્તકપુષ્પથી અભિવાદન કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટના ઉપપ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી તથા એસ.જે. પટેલ સાર્વજનિક મહિલા પી.ટી.સી. કોલેજના આચાર્ય શ્રીમતી શૈલાબેન ટંડેલે પ્રાસંગિક પ્રવચન રજૂ કર્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષ શ્રીમતી રીટાબેન ભકતે અધ્યક્ષીય પ્રવચન કરતાં જણાવ્યું હતું કે શિક્ષકનો વ્યવસાય એ એક ઉમદા વ્યવસાય છે. તમે પણ શ્રેષ્ઠ શિક્ષક બનવાનો પ્રયત્ન કરજો. આભારવિધિ પ્રા. ડૉ. સંજયસિંહ બારડે તથા કાર્યક્રમનું સંચાલન પ્રા. મીનાબેન પરમારે કર્યું હતું.

## સ્વર્ણિમ ગુજરાત



બીલીમોરા વિભાગ કેળવણી મંડળ અને વી.એસ.પટેલ કોલેજના સ્વર્ણિમ ગુજરાત કાર્યક્રમ અંતર્ગત ચાલુ સાલે એક મહિનાના સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્વીમીંગ, બેડમિન્ટન, ચેસ, કેરમ અને સ્કેટીંગની રમતોનું પ્રાથમિક જ્ઞાન અને કોચીંગ આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે બીલીમોરા વિભાગ કેળવણી

મંડળના વર્કીંગ કમિટીના મંત્રીશ્રી દીલીપભાઈએ આર્થિક સહાય આપવાનું કહ્યું હતું. આ કેમ્પમાં સ્વીમીંગમાં ભાવેશ દેવતા, સ્કેટીંગમાં ભરતભાઈ, બેડમિન્ટનમાં એ.કે. પટેલ, ભગત માર્મિક, ચેસ કેરમમાં નિલ દેસાઈએ પ્રશંસનીય કાર્ય કર્યું હતું.

## ઉદ્‌બોધન

શાહ એન.એચ. કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓને કોલેજની સાહિત્યિક વાદ સમિતિના ચેરમેન પ્રા. ડૉ. મીનાબેન શાહે સંબોધતા જણાવ્યું કે આધુનિક યુગમાં વિદ્યાર્થી માત્ર સ્નાતક કે અનુસ્નાતક પદવી પ્રાપ્ત કરે તે પૂરતું નથી વિદ્યાર્થીએ અભ્યાસની સાથે સાથે અનેક કૌશલ્યો અભિગમો, અને શૈલીનો વિકાસ કરવો પડે છે. વિદ્યાર્થીઓની મૌખિક અભિવ્યકિતનું કૌશલ્ય મેળવવા માટે કોલેજમાં વિવિધ સ્તરે યોજાતી વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લેવાથી વાચન, મનન અને માહિતી એકત્રિત કરવાની વૃત્તિનો વિકાસ થાય છે. વિદ્યાર્થીને કોઈપણ વ્યવસાય કે ક્ષેત્રમાં કારકિર્દી માટે મૌલિક, નિર્ભર, આત્મવિશ્વાસપૂર્ણ અભિવ્યકિતની આવશ્યકતા હોય છે. કોલેજમાં યોજાતી સ્પર્ધાઓ દ્વારા તાલીમ મળશે. આ કોલેજમાં છેલ્લા પાંચ વર્ષથી એન.એચ. ટાઈમ્સ ભીંતપત્રની પ્રવૃત્તિ વિદ્યાર્થીઓના મૌલિક સર્જનને વ્યકત કરવાનું પ્લેટફોર્મ પૂરૂં પાડે છે.

## પીએચ.ડી.




અભિનવ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્., સુરતના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયનાં પ્રાધ્યાપિકા પત્રલેખા અમરસિંહ બારડે યુનિવર્સિટીના શિક્ષણ વિભાગના એશોસિયેટ પ્રોફેસર ડૉ. રાયસિંગ બી. ચૌધરીના માર્ગદર્શન હેઠળ "દક્ષિણ ગુજરાતની માધ્યમિક શાળાઓમાં વિજ્ઞાન અને ટેકનોલોજી વિષય શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ : એક સર્વે" શીર્ષક હેઠળ મહાશોધ નિબંધ રજૂ કર્યો હતો, જેનો વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ સ્વીકાર કરી પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે. અભિનંદન

## સત્રારંભ




સાર્વજનિક એજયુકેશન સોસાયટી સંચાલિત વી.ટી.ચોકસી. બી.એડ્. કોલેજ, સુરત માં શૈક્ષણિક સત્રનો શુભારંભ દિપ પ્રાગટ્ય કાર્યક્રમથી થયો હતો. મુખ્ય મહેમાન પદે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ કુલપતિશ્રી જયેશ દેસાઈ અને અધ્યક્ષ પદે સાર્વજનિક એજયુકેશન સોસાયટીના ચેરમેનશ્રી રજની મારફતીયા ઉપસ્થિત રહયા હતા. ડૉ.જયેશ દેસાઈએ - 'સત્ર પ્રારંભે' વિષય પર પ્રવચન આપી આગંતુક તાલીમાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. શ્રી રજની મારફતીયાએ પણ નવા નવા કોર્ષો શરૂ કરી તાલીમાર્થીઓના સર્વાંગી વિકાસ પર ભાર મૂકયો હતો. પ્રથમ દિવસે જ કોલેજમાં ૯૨ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહયા હતા.


## પ્રકાશન




શ્રીમતી વી.આર. ભકત શિક્ષણ મહાવિદ્યાલયનાં અધ્યાપિકા ડૉ. અશ્વિની એમ. કાપડીઆનું 'છીપમાં મોતી એક...' પુસ્તક પ્રગટ થયેલ છે.




નિસર્ગ (૨૦૦૯-૧૦). સરકારી વિનયન અને વાણિજય કોલેજ, આહવા-ડાંગ




ઉચ્ચૈસ્તરામ. (૨૦૦૯-૨૦૧૦) બી. પી. બારીયા સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ, નવસારી.
સંપાદકમંડળ : પ્રા. ડૉ. નેવિલ ઈ. પટેલ અને પ્રા. શ્રી ભરત એન. પરમાર



તાપી કાંઠે શબ્દતીર્થ. (૨૦૦૯-૧૦) ઈન્ટર હયુમન એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, કામરેજ



સાર્વજનિકમ્. (૨૦૦૯-૧૦) એમ.ટી.બી. આર્ટસ કોલેજ, સુરત.
સંપાદકો : ડૉ. નીના ભાવનગરી, ડૉ. ચૈતન્ય દેસાઈ, પ્રા. અંજના મહેતા અને પ્રા. પારુલ શુકલ.



ઉદધિ. (૨૦૦૯-૧૦) વિદ્યાભારતી ટ્રસ્ટ કોલેજ ઓફ એજયુકેશન, ઉમરાખ.
સંપાદકો : પ્રા. એસ.એસ. ભગતવાલા, શ્રુતિ એમ. વૈદ્ય.

## ટેલેન્ટ ઈવનીંગ

વી.ટી. ચોકસી કોલેજ, સુરતમાં સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત સંગીત ધારા સમિતિ દ્વારા આયોજીત ટેલેન્ટ ઈવનિંગનો કાર્યક્રમ કોલેજના નિવૃત્ત પ્રા. ડૉ. સુહાસબેન શુકલના પ્રમુખ પદે યોજવામાં આવ્યો હતો. જેમાં કુલ ૨૮ તાલીમાર્થીઓએ સમૂહ અને વ્યકિતગત ૧૬ જેટલી કૃતિઓમાં ભાગ લીધો.

## વાંચે ગુજરાત

'વાંચે ગુજરાત' અભિયાન અંતર્ગત શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડના પ્રા. મીનાબેન શાહ દ્વારા ૧૮૦૦ જેટલા વિદ્યાર્થીઓને ઓડિયો કોન્ફરન્સના માધ્યમથી ઉદ્‌બોધન કરવામાં આવ્યું જેમાં તેમણે વિવિધ ઉદાહરણો સહિત વાચનનું મહત્વ સમજાવ્યું હતું.

## પુસ્તક પરિચય

વી.ટી. ચોકસી બી.એડ્. કોલેજ, સુરતમાં પુસ્તક પરિચય સ્પર્ધા કોલેજના નિવૃત્ત પ્રા. ડૉ. હરરાય દેસાઈના પ્રમુખ પદે યોજાય હતી. જેમાં ૧૨ તાલીમાર્થીઓએ વિવિધ પુસ્તકોનો પરિચય આપ્યો હતો જેમાં પ્રથમ ક્રમે શૈલી ઘડિયાળી, દ્વિતીય ક્રમે હીના પટેલ અને તૃતીય ક્રમે ધરા તમાકુવાળા રહયા હતા. સ્પર્ધકને કોલેજ તરફથી 'હિંદ સ્વરાજ' પુસ્તક ભેટ આપવામાં આવ્યું હતું.

## વાંચન વિશેષ

નોકરી દરમિયાન મેં મારે માટે એક નિયમ રાખ્યો હતો. ફાઈલ કરતાં માણસની કિંમત વધારે છે. એટલે મારી ઓફિસમાં મુલાકાતના સમયનું પાટિયું પહેલું દૂર કરાવતો, મને કોઈ પણ ગમે ત્યારે ઓફિસમાં કે બંગલે મળી શકે, ને કોઈ બીજો મુલાકાતી મારી પાસે ન હોય તો બહાર કોઈને રોકી રાખવાના નહીં જ એવો કડક નિયમ. આનું પાલન થાય છે તેની ખાતરી કરવા ગમે ત્યારે હું બહાર નીકળી તપાસ કરતો. ફાઈલ તો ગમે ત્યારે જોવાય, પણ દરેક મનુષ્યનો સમય કીમતી હોય છે ને એને બગાડાય નહીં એવું મારો સ્ટાફ શીખી જતો.

ઈતિહાસના મારા અભ્યાસમાંથી મુસ્લિમ ખલીફાઓનો એક સિદ્ધાંત મને ખુબ જ સ્પર્શી ગયો હતો. Kingship knows no kingship (રાજય કરનારને સગપણ જોડે કોઈ સંબંધ નહીં.) એનું ચુસ્ત પાલન કર્યું. - ઘણી વખત લાગવગિયાઓને માઠું લગાડીને પણ. મારા પિતાજી પણ એમાં માનતા. એક વખત એમને કોઈ હાઈકોર્ટ જજે ભરૂચમાં કંઈક કામ વિશે મને લખવા કહયું ત્યારે એમને જવાબ સ્પષ્ટ હતો, 'મારો પુત્ર લલિત છે એ હું જાણું છું, પણ એ ભરૂચનો કલેકટર છે એ રીતે એને ઓળખતો નથી.' સૉલિસિટરને તો હાઈકોર્ટમાં જ કામ હોય તે છતાં આવી હિંમત બતાવી એ માટે એમનો ઋણી છું.

ઓગષ્ટ મહિનામાં નાસિકના કલેકટર, કલેકટરની કોન્ફરન્સમાં ભાગ લેવા તેમ જ કેજયુઅલ રજા પર ગયા એટલે કલેકટરનો ચાર્જ મારે સંભાળવાનો આવ્યો. તે જ દિવસે ત્ર્યંબકમાં કુંભમેળો હતો. એટલે ત્યાં બંદોબસ્ત તપાસવા ગયો, ને અનાયાસે શ્રી હંસદવે મહારાજનાં દર્શનનો લાભ મળ્યો. 'મારે લાયક સેવા' એવું પૂછતાં એ પોતે બીજે દિવસે કલકત્તા મેલમાં મુંબઈ જવાના હતા ત્યારે સ્ટેશન પર મળવા કહયું. હું તે પ્રમાણે ગયો, કલકત્તા મેલ આવ્યો ને હંસદેવ મહારાજ ફર્સ્ટ કલાસમાં બેસવા જતા હતા ત્યારે એમને ગાંધીજીને દક્ષિણ આફ્રિકામાં અનુભવ થયેલો તેવો જ અનુભવ થયો. અંદર બેઠેલા અંગ્રેજ લશ્કરી અધિકારીઓએ ડબ્બાનું બારણું ઉઘાડવાનો ઈન્કાર કર્યો. મેં એમને વિનંતી કરી કે હંસદેવ મહારાજ પાસે ફર્સ્ટ કલાસની ટિકિટ છે અને પ્રવેશવાનો હક છે, પણ ઘમંડમાં એ ઓફિસરોએ ના કહી ત્યારે મારી તહેનાતમાં હાજર પો. સબ-ઈન્સ્પેક્ટરને કહયું કે સ્ટેશન માસ્ટરને હુકમ આપો કે મારી આજ્ઞા વગર ટ્રેનને લીલી ઝંડી ન બતાવે. પછી મેં લશ્કરી અધિકારીઓને મારી ડિસ્ટ્રક્ટ મેજિસ્ટ્રેટ તરીકે પણ ઓળખાણ આપીને કહયું કે 'ટ્રેન હંસદેવ મહારાજ વગર ઊપડશે નહીં ને મોડી થશે તો તેની જવાબદારી તેમની જ રહેશે.' એટલું જ નહીં, પણ હું દિલ્હીમાં કમાન્ડર ઈન તેમજ મુંબઈ સરકારને એમની વર્તણૂક વિશે તાર કરીશ ને જો પાંચ મિનિટમાં ડબ્બો નહીં ઉઘાડે તો હું પોલીસ બળ વાપરીને તેમને કેદ કરીશ ને જેલમાં નાખીશ. તરત જ સબ-ઈન્સ્પેક્ટર દોડયો ને સ્ટેશન પરના હથિયારધારી પોલીસ લઈને દોડતો આવ્યો. હવે અંગ્રેજ અફસરો સમજી ગયા કે મારી સુક્કી દાટી ન હતી, ગુપચુપ બારણું ઉઘાડયું, ને હંસદેવ મહારાજને દાખલ થવા દીધા.

(સાભાર : સનદી સેવાનાં સંભારણાં. લેખક : લલિત દલાલ)

## વિજ્ઞપ્તિ

સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને સાદર જણાવવાનું કે, કોલેજના અધતન સમાચાર 'દક્ષિણાયન'માં પ્રગટ કરવા માટે બી.જે. અંકુયા - તંત્રી, 'દક્ષિણાયન', વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય, ઉધના-મગદલ્લા રોડ, સુરત-૩૯૫૦૦૭ને મોકલી આપવા વિનંતી.

હંમેશા ખૂબ સ્નેહ વહેંચવો અને વારંવાર ખડખડાટ હસવું; સામર્થ્યવાન મનુષ્યોનો આદર અને બાળકોનો પ્રેમ પામવો; પ્રામાણિક ટીકાકારોની સંમતિ જીતવી અને ખોટા મિત્રોના દગાને સહન કરવો; સૌંદર્યને માણતાં શીખવું; અન્યોમાં શુભ અને શ્રેષ્ઠ બાબતો જોવી; વળતરની સહેજ પણ અપેક્ષા વિના આપણું સઘળું આપતાં રહેવું; કાંઈક પરિપૂર્ણ કરતા રહેવું-પછી તે સ્વસ્થ બાળકનો ઉછેર હોય કે કોઈના આત્માને સાંત્વના, બગીચાનો કોઈ ખૂણો કે સમાજની કોઈ પરિસ્થિતિ - ગમે તે હોય; એવી સભાનતાપૂર્વક જીવવું કે આપણી જિંદગીનાં કારણે અન્ય કોઈનું જીવન વધુ સરળ બન્યું છે - મારા જીવનની સફળતાનો આ અર્થ હજો.

- અજ્ઞાત

हे ईश्वर, मुझे शांति दो कि मैं उन चीजों को स्वीकार करुँ, जिन्हें मैं बदल नहीं सकता, उन चीजों को बदलने का साहस दो, जिन्हें मैं बदल सकता हूँ, और इनमें फर्क जानने की बुध्धि दो ।

अल्कोहलिक्स एनोनिमस

If a man is educated, he alone is educated-But if a woman is educated the whole family is educated.

VNSGU
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT

Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat

Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

Editor : B J Ankuya, Incharge University Librarian

Published by : Shri J R Mehta, Registrar

Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 3934179 / 98 25 25 99 11 E-mail : info@kliksolutions.com